હિસાબ અને તિજોરી નિયામકની કચેરી
ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
તારીખ :– ૩૧ – ૭ –૨૦૧૪

નંબર :– ડીએટી/ટીસી/ ફા.૧૧૧/૪૦૦૨/૪૨૦૫ થી ૪૨૩૧

વિષય:– IFMS અંતર્ગત Online સ્ટેમ્પના જથ્થાનું મેળવણુ કરવા તથા માસિક ધોરણે પ્રમાણપત્ર આપવા બાબત

:: પરિપત્ર – ૧૦/૨૦૧૪ ::

આથી તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સ્ટેમ્પ ઈસ્યુ કર્યા બાદ તુરત જ તેની entry IFMS અંતર્ગત Online સ્ટેમ્પના જથ્થાના પત્રકમાં કરવામાં આવે તેમજ Online સ્ટેમ્પના પત્રક update રાખવા અંગે અત્રેથી વારંવાર સુચના આપવામાં આવેલ છે.તેમ છતાં કેટલીક જિલ્લા તિજોરી કચેરી/પેટા તિજોરી કચેરીઓના Online સ્ટેમ્પના data update કરવામાં આવતા નથી. અત્રેથી દરેક જિલ્લાને વ્યકિતગત સુચના બાદ Online સ્ટેમ્પના data update કરવામાં આવે છે. આ પરિસ્થિતિને કારણે IFMS પ્રોગ્રામ અંતર્ગત જિલ્લામાં વિવિધ પ્રકારના સ્ટેમ્પના સ્ટોકની સિલક અદ્યતન રીતે જાણી શકાતી નથી. જેથી સ્ટેમ્પ સ્ટોક પત્રકની નિભાવણી અંગે નીચે મુજબની સુચનાઓ પાઠવવામાં આવે છે.

- જે પધ્ધતિથી મેન્યુઅલ રજીસ્ટર નિભાવવામાં આવે છે તે જ પધ્ધતિથી IFMS માં પણ entry કરી સ્ટોક મેળવવાનો રહે છે. સ્ટેમ્પ બાબતે IFMS માં કરવામાં આવતી કામગીરીનું વિગતવાર સમજણ આપતું User Manual IFMS માં ઉપલબ્ધ છે. User Manual download કરવાની Link નીચે મુજબ છે.
- Utility -- User Manual
- ઉકત Link માં તમામ Module તથા User Manual રાખવામાં આવેલ છે. તેમાંથી સ્ટેમ્પનો User Manual download કરી તેમાં સુચવ્યા મુજબની કામગીરી કરવી તેમજ આપના તાબા હેઠળની તમામ પેટા તિજોરી કચેરીને પણ આ સુચના આપશો.
- IFMS અંતર્ગત જિલ્લા તિજોરી કચેરી તથા પેટા તિજોરી કચેરી માટે નીચે મુજબના Reports develop કરવામાં આવેલ છે. જે સંબંધિત અધિકારી / કર્મચારીએ જોવાના રહે છે.

⇨ **Reports :**

**1 ) Daily Report :**

Enfacement Register
Double Lock Issue Register
Single Lock Report
Single Lock balance Report
Double Lock Report
Double Lock Register
Single Lock Register
Stock Report

**2 ) Monthly Report :**

Monthly Discount Register
Plus/Minus Report
Monthly Stamp Stock Report
Stamp / Book Reconciliation Report
Vender wise Daily Register
Monthly Sale Register

- સ્ટેમ્પનું વેચાણ/તબદીલી અંગેની તુરત જ entry કરી Online સ્ટેમ્પના data update કરવાના રહે છે.
- કોઈપણ પ્રકારની ટેકનીકલ ખામીના કારણે ઉક્ત કાર્યવાહી પૂર્ણ કરવામાં મુશ્કેલી જણાય તો તે માટે TCS ના સ્થાનિક પ્રતિનિધી તથા અત્રેની ઈડીપી શાખા / TCS હેલ્પ ડેસ્કના પરામર્શમાં તેનો તાત્કાલિક નિકાલ કરી સ્ટોક મેળવણાની કાર્યવાહી અચૂક પૂર્ણ કરવી.
- માસાંતે તિજોરી કચેરી ખાતે ઉપલબ્ધ ભૌતિક જથ્થો તથા મેન્યુઅલ રજીસ્ટર મુજબનો જથ્થો તથા Online સ્ટેમ્પના જથ્થો IFMS અંતર્ગત તૈયાર થતી સ્ટેમ્પની વત્તા–ઓછા યાદી સાથે મળી રહે છે કે કેમ તેની ચકાસણી તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારીએ અચૂક કરવી.
- દરેક જિલ્લા તિજોરી/ પેટા તિજોરી અધિકારીએ તેઓની કચેરીના ડબલલોક રજીસ્ટરમાં નીચે મુજબના નમુનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે.

  **" આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, માહે........ના અંતે અત્રેની જિલ્લા/ પેટા તિજોરી કચેરીના સ્ટેમ્પનો ભૌતિક જથ્થો તથા મેન્યુઅલ રજીસ્ટર મુજબનો જથ્થો તથા Online સ્ટેમ્પના હિસાબ મુજબનો જથ્થો તથા IFMS અંતર્ગત તૈયાર થતી સ્ટેમ્પની વત્તા–ઓછા યાદી સાથે મળી રહે છે તથા કોઈ તફાવત આવતો નથી "**

- ઉક્ત પ્રમાણપત્રના આધારે જિલ્લા તિજોરી અધિકારીશ્રીએ નીચે મુજબના નમુનાનું સંકલિત પ્રમાણપત્ર દર માસે મોકલવામાં આવતાં માસિક પ્રગતિ અહેવાલ સાથે સામેલ રાખવામાં આવતાં સ્ટેમ્પના પત્રકની નીચે આપવા આથી જણાવવામાં આવે છે.

  **" આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, માહે........ના અંતે અત્રેની જિલ્લા તિજોરી કચેરી તથા પેટા તિજોરી કચેરીઓના સ્ટેમ્પનો ભૌતિક જથ્થો તથા મેન્યુઅલ રજીસ્ટર મુજબનો જથ્થો તથા Online સ્ટેમ્પના જથ્થો તથા IFMS અંતર્ગત તૈયાર થતી સ્ટેમ્પની વત્તા–ઓછા યાદી સાથે મળી રહે છે તથા કોઈ તફાવત આવતો નથી "**
- ઉક્ત મેળવણાની કામગીરીમાં તફાવત ધ્યાને આવેલ હોય તો પ્લસ–માઈનસ મેમોમાં નોંધ સ્વરૂપે દર્શાવવાનો રહેશે.
- નિધી નિરીક્ષણ અધિકારી તથા તિજોરી અધિકારીએ પેટા તિજોરી કચેરીની વાર્ષિક તપાસણી સમયે અત્રેની કચેરીના તા.૭/૬/૧૯૮૩ ના ખાનગી પરિપત્ર ક્રમાંકઃ ૨૩/૧૯૮૩ . નં.ડીએટી/ ટીસી/ ૧૨૯/૨૧૬૩ ની સ્થાયી સુચનાઓ નો ચુસ્ત અમલ કરવાનો રહેશે.
- તદઉપરાંત તિજોરી અધિકારીએ પેટા તિજોરી કચેરીની વાર્ષિક તપાસણી / મુલાકાત સમયે જે તે દિવસના સ્ટેમ્પના ભૌતિક જથ્થા તથા મેન્યુઅલ રજીસ્ટર મુજબનો જથ્થા સાથે Online સ્ટેમ્પનો જથ્થો મળી રહે છે કે કેમ તે અંગેનું પ્રમાણપત્ર સંબંધિત રજીસ્ટરમાં આપવાનું રહેશે.
- તે જ પ્રમાણે નિધી નિરીક્ષણ અધિકારીએ જિલ્લા / પેટા તિજોરી કચેરીની વાર્ષિક તપાસણી સમયેજે તે દિવસના સ્ટેમ્પના ભૌતિક જથ્થા તથા મેન્યુઅલ રજીસ્ટર મુજબનો જથ્થા સાથે Online સ્ટેમ્પનો જથ્થો મળી રહે છે કે કેમ તે અંગેનું પ્રમાણપત્ર સંબંધિત રજીસ્ટરમાં આપવાનું રહેશે.

**નિયામક**

**પ્રતિ,**

(૧)શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ................................(તમામ)

(૨)પેટા તિજોરી અધિકારીશ્રી, પેટા તિજોરી કચેરી, ................................(તમામ)

(જિલ્લા તિજોરી અધિકારીશ્રીએ મારફત)

<u>નકલ રવાનાઃ–</u>

નિધી નિરીક્ષણ અધિકારીશ્રી, .નિધી નિરીક્ષણ શાખા,હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર